હોટેલ પ્લાઝાના ઍરકન્ડિશન્ડ રિફ્રેશમેન્ટ હૉલના પુશડૉરને ઠેલીને દિગંત અંદર પ્રવેશ્યો. આમેય રિફ્રેશમેન્ટ હૉલમાં ઝાંખું ઝાંખું અજવાળું હતું અને બહારના આગઝરતા તડકે દિગંતની આંખ અંજાયેલી હતી, આવતાંમાં એને કશું જ દેખાયું નહિ. એની આંખ સામે ઊભી થઈ જતી અંધકારની પોચી પોચી દીવાલને ભેદીને ક્યારેક ડિશ સાથે અથડાઈને ઉદ્‌ભવતો છૂરી-કાંટાનો રણકો એના કાનને સ્પર્શી જતો હતો.

દિગંતને થોડી વાર પ્રવેશદ્વાર પાસે જ થોભી જવું પડ્યું. ધીમે ધીમે એની આંખો અંધકારથી ટેવાતી ગઈ. ધીમે ધીમે અંધકારમાં ઉત્પન્ન થતી પારદર્શકતામાં હૉલનું લાક્ષણિક વાતાવરણ આકાર લેવા માંડ્યું. સ્નેકડેસ્ક પર ગોઠવાયેલા માણસો હવે દિગંતને દેખાવા લાગ્યા.

હવે આખા હૉલમાં એ બધું જોઈ શકતો હતો. એણે ત્યાં ઊભાં ઊભાં જ ચારે બાજુ નજર ફેરવી-નિરાંતે બેસવા માટે એને કોઈક એકાંત ખૂણાની અપેક્ષા હતી.

રિફ્રેશમેન્ટ હૉલમાં ખાસ ભીડ જેવું નહોતું. માંડ દસેક માણસો પાંચેક ડેસ્ક આંતરીને બેઠા હતા. દિગંતે ફરી એક વાર એ છૂટીછવાઈ વસતિ પર નજર ફેરવી. દરેક ડેસ્ક પર બે જ જણ - એક સ્ત્રી અને એક પુરુષ. દિગંતે મનોમન વિચાર્યું - આવા સ્નેકબારમાં બે જણમાં બંને પુરુષ હોય તો જ નવાઈ લાગે - એ મનોમન હસ્યો, પણ એનું એ મૂંગું હાસ્ય શમે એ પહેલાં જ એની પીઠ પર પુશડૉરનો પ્રહાર થયો. એક ધડાકા સાથે દિગંત સામેના ટેબલ પર બેઠેલા કપલ પર જઈને પડ્યો અને સહસા એનો હાથ પોચી પોચી રુવાંટીવાળી સુંવાળી ગરદન પર ગોઠવાઈ ગયો. એ સુંવાળી ગરદનમાંથી એક સિસકારો ઠલવાઈ પડ્યો- 'ઓઈ મા...!' ટેબલ પરની પ્લેટોમાંથી એક બે ઊછળીને દૂર ફંગોળાઈ ગઈ, એમાંના પદાર્થે સામેના પુરુષને ડિસ્કો પેઇન્ટિંગની જેમ ચીતરી નાખ્યો!

દિગંતે પોચી પોચી રુવાંટીવાળી ગરદન પરથી હળવેકથી પોતાની હથેળી ઊંચકી લઈને સ્વસ્થ થવાનો પ્રયાસ કર્યો. ત્યાં જ આ ગંભીર ઘટનાની મશ્કરી

ઉડાવતું બિલ્લોરી હાસ્ય દિગંતની પીઠ પાછળથી ઊછળીને આખા હૉલમાં પ્રસરી ગયું! પાછળ ફરીને અટ્ટહાસ્યના જન્મદાતાઓને જુએ તે પહેલાં ખાદ્ય પદાર્થથી ખરડાયેલા પુરુષે રોષભેર ઊભા થતાંકને દિગંતની ફેંટ પકડી લીધી!

'માણસ છે કે જાનવર?'

'આયેમ સૉરી... સો સૉરી...!'

'વૉટ નૉનસૅન્સ?'

'યુ આર રાઇટ જેન્ટલમૅન! બટ આઇ શ્યૉર, ધિસ ઇઝ નૉટ માઈ મિસ્ટેક!' કહેતાં દિગંતે પાછળ ફરીને જોયું - એના શબ્દો હોઠ પર આવીને થીજી ગયા - એક ગુલાબી ચહેરો એની આંખમાં આવીને ગોઠવાઈ ગયો! દિગંતનો ઇરાદો એને ધક્કો મારનાર પર ત્રાટકી જ પડવાનો હતો, પણ પેલા ફૂલ જેવા ચહેરાને જોઈને એને પોતાનો નિર્ણય ફેરવવો પડ્યો! છતાં એટલું તો બોલી જવાયું - 'આ પુશડૉર છે મૅડમ! પથ્થરની જેમ માણસને ઉછાળીને ફેંકી દેવાનું ગોફણયંત્ર નથી!'

'યસ! આયેમ સૉરી!' દિગંતને ધક્કો મારનાર યુવતીએ દિલગીરી વ્યક્ત કરી, પણ તેય હસતાં હસતાં જ - મજાક કરતી હોય એ રીતે જ! પેલા ખરડાયેલા સદ્‌ગૃહસ્થે દિગંતની ફેંટ છોડી દીધી.

'ધૅટ્સ ઑલ રાઇટ!' કપડાં ખંખેરતાં પેલા સદ્‌ગૃહસ્થ પોતાની જગ્યાએ બેસી ગયા.

'થૅન્ક યુ જેન્ટલમૅન!' દિગંતે ફેંટ છોડી દેનારનો આભાર માન્યો - માનવો જ પડે એમ હતું, કારણ કે પેલાએ જ્યારે ઊઠીને ફેંટ પકડી ત્યારે એક ક્ષણમાં દિગંતે કલ્પી લીધું હતું કે હવે આ માણસ એકાદ લાફો તો ઠોકી જ દેશે, પણ એવું ન થયું.

ફેંટનો છુટકારો થતાં દિગંતે ફરી પેલી યુવતી સામે જોયું... એ યુવતી દિગંતને જ જોઈ રહી હતી. જે કંઈ બની ગયું, એનો સહેજ પણ ક્ષોભ એના ચહેરા પર વર્તાતો નહોતો! દિગંતે એ યુવતી પર તીવ્ર દૃષ્ટિપાત કરીને સામેના ખૂણા તરફ ચાલવા માંડ્યું.

દિગંત અહીં જીવને ઠારવા આવ્યો હતો. પણ આવતાંમાં જ જે ઘટના બની ગઈ, એનાથી એનું મન ખિન્નતા અનુભવવા લાગ્યું. ઍરકન્ડિશન્ડ વાતાવરણમાંય એને પરસેવો થવા માંડ્યો હતો!

દિગંતની સામે એક ટેબલ છોડીને બીજા ટેબલ પર પેલી યુવતી અને તેની બંને બહેનપણીઓ આવીને બેઠી - દિગંતની સામે જ! બંનેની આંખ મળતાં

યુવતી ખડખડાટ હસી પડી! હૉલનું શાંત વાતાવરણ કંપી ગયું. દિગંતની ફૅંટ પકડનાર ભાઈએ પાછળ ફરીને જોયું; પણ એની સામે બેઠેલી પોચી રુવાંટીવાળી સ્ત્રીએ કશું કહ્યું - કદાચ બીજી યુવતીઓ સામે જોવાની મનાઈ એણે કરી હશે. એ ભાઈએ તરત જ ગરદન ઘુમાવી લીધી અને તરત જ અભિપ્રાય વ્યક્ત કરી દીધો - 'સી ઇઝ ઍબ્સોલ્યુટલી અનકલ્ચર્ડ ગર્લ - ધૅટ ઇઝ ટૂ મચ!'

તરત જ એની ફીમેલ પાર્ટનરે યુવતીનો બચાવ કર્યો.

'નો - નૉટ અનકલ્ચર્ડ! બટ સી ઇઝ ફની ગર્લ! આઇ લાઇક હર બિહેવિયર!'

જેન્ટલમૅન પાસે આનો જવાબ હતો, પણ જવાબ આપીને પોતાના ફીમેલ પાર્ટનરને નારાજ કરવા નહોતો ઇચ્છતો. એણે મનોમન વિચાર્યું - ફની ગર્લ હોય કે ગમે તે હોય - આપણે કેટલા ટકા?

પણ દિગંત એ રીતે સહેલાઈથી પોતાના મન સાથે સમાધાન કરી શકે તેમ નહોતો! એને તો એ ચિબાવલીને એક તમાચો ચોડી દેવાનું મન થતું હતું, પણ એ તો હજીયે દિગંતની સામે જોઈને મરક મરક હસ્યા જ કરતી હતી.

વેઇટરે દિગંતના વિચારોની દિશા બદલી નાખી.

'કહિએ... ક્યા લાઉં સા'બ?'

એકાદ ક્ષણ દિગંત વેઇટરને જોઈ રહ્યો. શું મગાવવું? એની સમજ પડી નહિ!

'સોચના પડેગા!' દિગંતે કહ્યું - 'ઐસા કિજિયે, આપ થોડી દેર બાદ આઇયેગા!'

'અચ્છાજી!' વેઇટર ત્યાંથી સરકીને પેલી યુવતી પાસે જઈને ઊભો રહ્યો.

યુવતીએ ચિકનમસાલા અને પરોઠાંનો ઑર્ડર આપ્યો. વેઇટર ચાલ્યો ગયો.

દિગંત અને યુવતી સામસામે બેઠાં હતાં. દિગંતની ઇચ્છા ન હોવા છતાં એ યુવતી તરફ એનાથી જોવાઈ જતું હતું અને ક્યારેક બંનેની દૃષ્ટિ પરસ્પર એકબીજા સાથે અથડાઈ જતી હતી.

વેઇટર થોડી વારે ફરી એ તરફ આવ્યો. યુવતીએ એને બોલાવી કહ્યું,

'હમારી આઇટમ્સ ઉસ ટેબલ પર લે આઇયે - અબ હમ વહાં બૈઠેંગે!'

'અચ્છા જી! જૈસી આપકી મરજી!' વેઇટર ચાલ્યો ગયો. યુવતી ઊભી થઈ અને દિગંત પાસે આવી.

'સૉરી મિસ્ટર! જે કંઈ બની ગયું તે ખરેખર ગંભીર હતું. નાઉ આઇ ફીલ ઇટ! પણ તે વખતે મારાથી હસી દેવાયું - હસ્યા વગર રહી શકાય તેમ નહોતું! પણ

હવે મને લાગે છે કે એવી ગંભીર બાબતમાં મારે હસવું ના જોઈએ!' - યુવતી દિગંતની સામેની ખુરશીમાં બેસી ગઈ. 'હું અહીં બેસી તો શકું છુંને?' દિગંત કશું બોલ્યો નહિ, પણ સ્વીકૃતિમાં એનું માથું ડોલી ગયું - 'થેન્ક યૂ!' યુવતીએ કેફલ સ્મિત ફરકાવ્યું - 'હું ક્યાં હતી? આઇ મીન હું શું કહેતી હતી? હા. મારે એમાં હસવું ન જોઈએ, ખરુંને? પણ શું કરું યાર! મારાથી ગંભીર થવાતું જ નથી. મને તો માત્ર હસવાની જ ટેવ છે. તમે કહો તેટલું હસી શકું છું, પણ ગંભીર થવાનું મારા માટે શક્ય નથી!'- યુવતીએ ફરી ગુલાબી સ્મિત પાથરી દીધું.

દિગંતના ચહેરા પર ક્રોધને બદલે આશ્ચર્ય પ્રગટવા માંડ્યું! એને આ છોકરી નિર્ભય અને નિખાલસ લાગી.

'મારું નામ મિતાલી છે - તમે મને મીત કહેશો તો પણ ચાલશે. મારી બહેનપણીઓ મને મીત કહીને જ બોલાવે છે!' કહેતાં યુવતીએ પાછળ સંકેત કરતાં કહ્યું- 'એ બંને મારી બહેનપણીઓ છે. તમને વાંધો ન હોય તો એ બંનેને અહીં બોલાવી લઉં?'

'બોલાવો. મને કંઈ વાંધો નથી!'

'થેન્ક્સ.' યુવતીએ પાછળ ફરીને બંને બહેનપણીઓને ઇશારો કરી આવી જવા કહ્યું અને તરત જ દિગંત સામે જોઈને બોલી- 'હું વધારે પડતું બોલ બોલ કરું છું નહિ? તમે તો કંઈ બોલતા જ નથી! કંઈક તો બોલો!'

'હું નથી બોલતો એ જ સારું છે. બોલીશ તો કદાચ તમારાથી સહન નહિ થઈ શકે!'

મિતાલીની બંને બહેનપણીઓ આવીને એની બાજુમાં ગોઠવાઈ ગઈ. મિતાલીને દિગંતની વાતનો જવાબ આપવો હતો, પણ એ કંઈ બોલે તે પહેલાં વેઇટરે આવીને ટેબલ પર ચિકનપ્લેટો ગોઠવી અને દિગંત સામે જોયું.

'સોચ લિયા જી આપને? ક્યા લાઉં આપકે લિયે?'

'નહિ, ઇનકે લિયે અલગ સે કુચ્છ લાનેકી ક્યા જરૂરત હૈ?' મિતાલીએ વેઇટરને કહ્યું - 'ઇતના સબ તો હૈ. ઇસી મેં હમ સબ ખા લેંગે!' કહેતાં મિતાલીએ દિગંત સામે જોયું - 'કેમ ખરુંને? હવે બીજું મગાવવાની શી જરૂર છે?' વેઇટર ચાલ્યો ગયો. મિતાલીએ દિગંતને ભલામણ કરી - 'ચાલો, તમે પણ અમારી સાથે ખાવા માંડો!'

દિગંતના મનમાં ઊછળતો બધો ક્રોધ શમી ગયો. હવે એને મિતાલી સાથે લંચ લેવામાં આનંદની અનુભૂતિ થવા લાગી.

મિતાલી, એની બંને બહેનપણીઓ અને દિગંત - ચારે જણ ચિકન પરોઠાં પર તૂટી પડ્યાં.

'તમે બહુ ધીમું ખાવ છો!' મિતાલીએ દિગંતને ટકોર્યો - 'આપણે ફૉર્માલિટીમાં માનતાં નથી - નૉટ ઍટ ઑલ!'

દિગંત માત્ર સહેજ હસીને રહી ગયો. એણે ખાવામાં થોડી ઝડપ વધારી, પણ પાછો વિચારે ચડી ગયો. આ શહેરમાં પોતે હજી આજે જ આવ્યો છે અને આવતાંમાં જ કશા પ્રયાસો વગર મિતાલી જેવી નિર્ભય છોકરીની મિત્રતા એ પામી શક્યો! આ એના માટે સુખદ ઘટના હતી. દિગંત આ શહેર માટે અજાણ્યો હતો. આજથી હવે એને આ શહેરમાં જ રહેવાનું હતું. નવા મિત્રો બનાવવાના હતા - મિતાલીએ શુભ શરૂઆત કરી હતી.

જમવાનું પતી ગયું. મિતાલી અને એની બહેનપણીઓ જ બધું ઝાપટી ગઈ. દિગંત તો આ આકસ્મિક સમાગમના વિચારોમાં જ અટવાયેલો રહ્યો.

'ચાલો હવે અમે જઈએ?' કહેતાં મિતાલી ઊભી થઈ - 'તમે કંપની આપી તે બદલ આભાર! ફરી મળીશું?'

મિતાલીએ ચાલવા માંડ્યું. એની બંને બહેનપણીઓ એની પાછળ દોરાવા લાગી. રિફ્રેશમેન્ટ હૉલના પુશડૉરમાંથી બહાર નીકળી ગઈ, ત્યાં સુધી દિગંત મિતાલીને જોઈ રહ્યો. મિતાલી ચાલી ગઈ હતી. દિગંતની નજર હજીયે પુશડૉર પર ચોંટી રહી હતી. એ વિચારવા લાગ્યો. મિતાલીએ ફરી મળીશું એમ તો કહ્યું, પણ ક્યાં મળીશું? એ તો કહેવાનું રહી જ ગયું!

વેઇટરે દિગંત સામે બિલ લાવીને મૂક્યું. બિલ જોતાં જ દિગંતની આંખ ખૂલી ગઈ - પિસ્તાળીસ રૂપિયાનું બિલ? એણે વેઇટર સામે જોયું.

'આ બિલ મારે ચૂકવવાનું છે?'

'હા જી!'

'પણ મેં તો કશું મગાવ્યું જ નથી!'

'હા. પણ તમારા ફીમેલ પાર્ટનરે કહ્યું હતું કે બિલ તમે ચૂકવી દેશો!'

'ફીમેલ પાર્ટનર...?' દિગંત મનોમન બબડી ગયો - 'સાલી છેતરી ગઈ!'